વડોદરા જિલ્લા નેત્ર રાહત અને આરોગ્ય મંડળ સંચાલિત (ટ્રસ્ટ રજી નં ઈ/૧૫૬૪)
ડૉ. ઠાકોરભાઈ વિ. પટેલ આઈ ઈન્સ્ટીટ્યુટ
શેઠ એમ.એલ.વડુવાળા આંખની સાર્વજનિક હોસ્પિટલ
હરિભક્તિ કોમ્લેક્ષ, વિનોબા ભાવે માર્ગ, સલાટવાડા, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન : (૦૨૬૫) ૨૪૧૦૯૩૨, ફેક્સ : ૨૪૨૬૩૧૧
E-mail : tvpeyeinstitute@yahoo.com, Web site : www.tvpei.org

## અલ્પ દ્રષ્ટિ – (લો વીઝન)

**ગુજરાત રાજ્યના રાજ્યપાલ કમલાજી બેનીવાલના વરદ હસ્તે લો વીઝન એઈડ સેન્ટર અલ્પ દ્રષ્ટિ સહાયક કેન્દ્રનું લોકાર્પણ એ ડૉ. ઠાકોરભાઈ વિ.પટેલ આઈ ઇન્સ્ટીટ્યુટ અને શેઠ એમ.એલ.વડુવાળા ચેરીટેબલ આઈ હોસ્પીટલ દ્વારા ઉત્તરોત્તર હાંસલ કરવામાં આવેલ સિદ્ધિમાં ઉમેરવામાં આવેલ એક અતિ મહત્વનું સોપાન છે.**

અલ્પ દ્રષ્ટિ એટલે વ્યક્તિને જોવામાં પડતી અસહ્ય અડચણ. આંખનો આ પ્રકારનો રોગ સમસ્ત વિશ્વમાં પ્રસરેલો છે.

કોઇપણ વ્યક્તિને, કે તેના પરિચિતોમાં અથવા તો ઓળખાણમાં કોઈ વ્યક્તિને ઝીણા અક્ષરો વાંચવામાં, ટી.વી. અને ચીજવસ્તુઓ જોવામાં અને પગથીયા, દીવાલ કે પછી ફર્નીચર જેવી નક્કર વસ્તુઓ જોવામાં તકલીફ/મુશ્કેલી થતી હોય ત્યારે તેવી વ્યક્તિ અલ્પ દ્રષ્ટિથી પીડાય છે તેમ જરૂર કહી શકાય. આ દર્દ ગરીબ કે તવંગર, યુવાન કે વયસ્ક કોઇપણ વ્યક્તિને હોઈ શકે છે. અલ્પ દ્રષ્ટિ ધરાવતી વ્યક્તિની દ્રષ્ટિ લુપ્તતાની માત્રા એટલી હદે પહોચેલી હોય છે કે તેનો ઈલાજ દવા, ચશ્માં કે છેવટે શસ્ત્રક્રિયાથી પણ થઇ શકતો નથી અને ત્યારે તેના માટે રોજબરોજનું કામ કરવાનું મુશ્કેલ થઇ જાય છે. આવી પરિસ્થિતિમાં આ વિષયના જાણકાર તબીબની મદદ,સલાહ સુચન કે સારવાર લેવી અત્યંત જરૂરી છે.

અલ્પ દ્રષ્ટિ ધરાવતી વ્યક્તિઓને નિરાશ થવાની કે જીવનમાં હતાશા અનુભવવાની જરૂર નથી. આ યુગ વૈજ્ઞાનિક સિદ્ધિઓનો છે અને આજે વિકાસ પામી રહેલ ટેકનોલોજીને કારણે અલ્પ દ્રષ્ટિ ધરાવતી વ્યક્તિઓ માટે જુદાજુદા પ્રકારના ઉપકરણો ઉપલબ્ધ થઇ શકે છે અને તેની મદદથી રોજબરોજના નિત્યક્રમમાં બાધા બનતી મુશ્કેલીઓ નિવારી શકાય છે.

**લો વીઝન એઇડ સેન્ટર કોઓર્ડીનેટર –**

અલ્પ દ્રષ્ટિ ધરાવતા વ્યક્તિઓને ચોક્કસ માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ કેન્દ્રનું સંચાલન શ્રી જીતકુમાર તિવારીને સોંપવામાં આવેલ છે. **શ્રી જીતકુમાર તિવારીએ** નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ, જયપુરથી બી.ઓપ્ટોમની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે, એટલુંજ નહિ પણ આ મહત્વની જવાબદારીની મહત્તા ધ્યાનમાં રાખી ભારતની ખ્યાતનામ એલ.વી.પ્રસાદ આઈ ઇન્સ્ટીટ્યુટ ખાતે ત્રણ માસની તાલીમ પણ આપવામાં આવી છે.

આપના પરિવારમાં કે આપના પરિચિત મિત્ર સમુદાયમાં અલ્પ દ્રષ્ટિથી પીડાતી કોઇપણ વ્યક્તિ હોય તો તેમને **ડૉ.ઠાકોરભાઈ વિ.પટેલ આઈ ઇન્સ્ટીટ્યુટ, શેઠ એમ.એલ.વડુવાળા સાર્વજનિક આંખની હોસ્પીટલ સંચાલિત "લો વીઝન એઇડ સેન્ટર"** માં લાવવા અથવા મુલાકાત લેવા અવશ્ય જણાવશો એ જ વિનંતી.

અલ્પ દ્રષ્ટિ ધરાવતી વ્યક્તિઓના જીવનમાં ઉષ્મા અને ઉત્સાહ પ્રેરવાના અમારા આ પ્રયાસમાં આપનો સાથ અને સહકાર ઉપયોગી નીવડશે તે નિર્વિવાદ છે.

---------------------------------------- લો વીઝન એઇડ સેન્ટર ----------------------------------------
ડૉ. ઠાકોરભાઈ વિ. પટેલ આઈ ઇન્સ્ટીટ્યુટ
શેઠ એમ.એલ.વડુવાળા આંખની સાર્વજનિક હોસ્પીટલ
હરિભક્તિ કોમ્પ્લેક્ષ, વિનોબા ભાવે માર્ગ, સલાટવાડા, વડોદરા – ૩૯૦૦૦૧.
સંપર્ક : ફોન : (૦૨૬૫) ૨૪૧૦૯૩૨